## ગુજરાતમાં લાખ્ખો રૂપિયાનો દારૂ ઘુસે છે ત્યારે પોલીસ બતાવવા પુરતો જ જથ્થો પકડે છે

સાબરકાંઠા જિલ્લામાં થઈને ગુજરાતમાં લાખ્ખો રૂપિયાનો દારૂ ઘુસે છે ત્યારે પોલિસ વિભાગ દ્વારા બતાવવા પુરતો જ જથ્થો પકડવામાં આવતો હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાં શહેરોમાં જોઈએ તેટલો દારૂ વ્યાજબી ભાવે ગમે તે સ્થળે મળી રહે છે તે જ દારૂ બંધીનો મોટો પુરાવો છે.

પ્રાંતિજના વડવાસા પાટીયા પાસેથી હરીયાણા તરફથી આવતી ટ્રક નંબર-એચ૪૭.બી-૭૮૩૨માં ટ્રકમાં બખરાણુ બનાવી બખરાણામાં વિદેશી બનાવટનો જુદીજુદી બ્રાન્ડની કંપનીની કુલ-૧૩૫૬ બોટલ જેની કિંમત ૫,૮૯,૨૦૦ તથા કન્ટેનર જેની કિંમત ૧૦,૦૦,૦૦૦ તથા મોબાઈલ-૩ નંગ જેની કિંમત-૬૦૦૦ મળી કુલ-૧૫, ૮૯, ૨૦૦નો મુદ્દામાલ સાથે પ્રાંતિજ પોલિસ સ્ટેશનની હદમાંથી ગાંધીનગર આર.આર.સેલ દ્વારા પકડી જાણે પ્રાંતિજ પોલિસને ઉંઘતી અને પોતે જાણે કોઈ મોટું તીર માર્યું હોય તેમ તાત્કાલીક જીલ્લા મીડીયાની પ્રસિધ્ધ મેળવવા જિલ્લામાં ફોટા વાયરલ કરવામાં આવ્યા હતા. એકબાજુ દારૂબંધીના બરડા ફુકતી સરકાર તો બીજી તરફ પણ પોલિસની મહેરબાનીથી જ ગુજરાતના ખુણે ખુણામાં દારૂ શોખીનોને નિયમિત અને સહેલાઈથી વિદેશી દારૂ મળી રહે છે ત્યારે હાલ તો આર.આર.સેલ. દ્વારા બાતમીના આધારે પ્રાંતિજ પોલિસની હદમાંથી વિદેશી દારૂ પકડી જાણે પ્રાંતિજ પોલિસની કામગીરી ઉપર સવાલ ઉઠવા પામ્યાં છે ત્યારે આતો માત્ર ટ્રેલર છે અને ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાંથી લાખ્ખો રૂપિયાનો વિદેશીદારૂ ઘુસે છે ત્યારે દારૂબંધીના બણગાં ફુકતી સરકાર અને દારૂબંધીના કડક કાયદા કે દારૂની ગાડી પકડી સાથે જ માત્ર કામ દેખાડવા સ્થાનિક પોલિસને પણ ઉંઘતી રહીને તે પહેલાં દારૂની ટ્રક પકડેલ ફોટા જિલ્લા મિડીયામા વાયરલ થઈ ગયાં ત્યારે માત્ર જસ લેવાનો હેતુ હોય તે સ્પષ્ટ પણે જણાઈ આવે છે બાકી તો દારૂબંધીના કડક કાયદા અને કડક વોચ માત્ર કાગળો ઉપર અને કહેવા પુરતી છે.



## પ્રાંતિજના વદરાડ પાસે ટ્રકની ટક્કરથી બાઈકસવારનું ઘટનાસ્થળે મોત

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના વદરાડ પાટીયા પાસે ટ્રક ચાલકે બાઈક ચાલકને અડફટે લેતાં બાઈક ઉપર જઈ રહેલ ઈસમનું ઘટનાસ્થળે કમકમાટીં ભર્યુ મોત નિપજ્યું હતું. બાઈક પાછળ બેઠેલા બે ને ઈજાઓ થતાં ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજ તલોદ રોડ ઉપર પ્રાંતિજના વદરાડ પાટીયા પાસે તલોદ તરફથી આવતો બાઈક સવાર યુપી.૬૨.એએ.૮૪૬૫નો ચાલક સામસામે આવી રહેલ બે ટ્રકો વચ્ચેથી નિકળવાનો પ્રયાસ કરતા એક ટ્રકનો પાછળનો ભાગ બાઈકને અડી જતાં બાઈક સવાર બાઈક સાથે રોડ ઉપર ફંગોળાઈ ગયો હતો અને તેને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા મેઘરજના બાઈક સવારનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બાઈક પાછળ બેઠેલ મનીષાબેન ભુરાભાઈ કટારા



ઉ.વર્ષ ૧૮, ઢીમડા મેઘરજનાઓને તથા કિરણભાઈ રાયમલભાઈ ડામોર બંન્ને શરીરે ઉપર ગંભીર ઈજાઓ પહોચતા તેવોને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. અજાણ્યો ટ્રકચાલક ઘટનાસ્થળેથી અકસ્માત સર્જીને ભાગી ગયો હતો. પ્રાંતિજ પોલિસને અકસ્માત અંગેની જાણ થતા પ્રાંતિજ પોલિસ ઘટના સ્થળે દોડી આવી મૃતક કોણ છે, કયાંનો છે જેવી આગળની તપાસ હાથ ધરી છે.

## ડીસામાં સ્વામી વિવેકાનંદને આદરાંજલી



ડીસામાં આજે સ્વામી વિવેકાનંદની જન્મજયંતી પ્રસંગે વિવિધ રાજકીય પક્ષોના આગેવાનોએ ડીસા સાંઈબાબા મંદિર નજીક પહોંચી સ્વામીજીની પ્રતિમાને ફુલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ડીસા શહેર ભાજપ-કોંગ્રેસના આગેવાનો દ્વારા આજે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી પ્રસંગે શ્રધ્ધાંજલીનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડીસા નગરપાલિકાના પ્રમુખ શિલ્પાબેન માળી, ડીસા શહેર ભાજપ-કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા.

## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી સમાજની ઉત્તરાયણ પર્વની અનોખી ઉજવણી

### દેવચકલીને ઘી-ગોળ ખવડાવતા લીલા ઝાડ પર બેસતા વર્ષ ફળ સારૂ જશે તેવા સંકેત

મોડાસા, તા. ૧૨

આપણી ભારતીય ભાતીગળ સંસ્કૃતિનો માનવ-જીવનમાં જાદુ જ કઈ ઓર છે. સમગ્ર વર્ષ દરમિયાન જુદી જુદી ઋતુઓમાં આવતા અવનવા-ઉત્સવોની ઉજવણી કરી માનવી મનનું બોજ હળવો કરે છે. અરવલ્લીની ગિરિમાળાઓમાં વસવાટ કરતા આદિવાસી સમાજ કેટલાક તહેવારની અનોખી ઉજવણી કરતા હોય છે. ઉત્તારાયણ પર્વમાં જંગલમાંથી દેવ ચકલી પકડી લાવી ઘી-ગોળ ખવડાવી પૂજા અર્ચના કરી ઉડાડવામાં આવે છે. જેના પરથી વરસનો વર્તારો કાઢવામાં આવે છે



ઉત્તારાયણ પર્વની અનોખી ઉજવણી કરતા આદિવાસી સમાજના યુવાનો અને અગ્રણીઓના જણાવ્યા અનુસાર ગામ અને પરાના અગેવાનના ત્યાં સવારે એકઠા થાય છે. ત્યારબાદ સૌ ભાઈઓ ગામ નજીક સીમાડા જગલોમા ટોળાબાંધી નીકળી પડે છે અને ત્યાં જઈ પક્ષીઓમાં ખુબજ સુકનિયાળ ગણાતી એવી દેવચકલી (દેવલી)ને પકડવા પાછળ દોડે છે અંતે ખુબજ દોડાદોડી અને ઉડાઉડ પછી થાકી ગયેલી દેવચકલી પકડાઈ જય છે અને તેને પકડી હોંકારા-દેકારા કરતા આ ભાઈઓ ગામ તરફ પાછા ફરે છે. આ વખતે દેવચકલી પકડી લાવનાર ભાઈઓનું અન્ય ગામોનું ઢોલ-નગારા જેવા વાદ્યો વગાડી નાચતા કુદતા સામૈયું કરે છે. ત્યારે બાદ દેવચકલીને ગામના મંદિરે લાવવામાં આવે છે અને દેવ-દેવીઓની સાક્ષીએ દેવચકલી એક પાત્રમાં રાખેલા ઘી-ગોળ ખવડાવામાં આવે છે અને ત્યારબાદ આગેવાન આ દેવચકલીને ઉડાડી મૂકે છે પછી ગામ ઉજનોનું દેવચકલી જે તરફ જાય ત્યાં પાછળ દોડિ દેવચકલી ત્યાં બેસે છે તે જુએ છે. ઘી-ગોળ ખાઈને ઉડેલી દેવચકલી જેવા વૃક્ષ પર બેસે તે પરથી વર્ષ ફળ નક્કી કરવામાં આવે છે. જો દેવચકલી લીલા વૃક્ષ પર બેસે તો વર્ષ સારું જશે અને સૂકા વૃક્ષ કે સુકી જમીન અથવા પથ્થર પર બેસે તો વર્ષ સૂકું જશે તેઓ વર્ષફળ નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ સૌ ગામજનો છુંટા પડે છે અને એજ દિવસે પુનઃ સાંજે આખું ગામ ગામના ચોરૈયામાં આબાલ વૃદ્ધ સહિત એકઠું થાય છે અને ઢોલ-નગારા જેવા વાદ્યો વગાડીને તેના તાલે મોડી રાત સુધી નાચે છે અને પોતાની લાગણી ઢબે ગાય છે. ત્યારબાદ ગામ આગેવાન વતી સૌને ગોળ વેચવામાં આવે છે અને સૌ વર્ષફળ જાણી ઉતરાયણ પર્વની ઉજવણી કરી મો મીઠું કરી સૌ વિસર્જિત થાય છે. આ રીતે વર્ષફળ જાણવાનો અનોખો ઉત્સવ આજે આદિવાસી વસ્તી ધરાવતા ગામોના આદિવાસી ભાઈઓ-બહેનો છેલ્લા કેટલાય વર્ષથી પરંપરાગત રીતે ઉજવે છે રીતે વર્ષફળ જાણવાની આ આદિવાસીઓની ઉતરાયણ પર્વની અનોખી ઉજવણી પાછળ જે કાંઈ શ્રદ્ધા ગણો કે અન્ય કોઈ પણ પરંતુ આ વિસ્તારમાં ઉજવાતા આ શ્રધ્ધામય ઉત્સવની ઉજવણી આજના સેટેલાઈટયુગમાં પણ અંકબંધ જળવાઈ રહ્યા છે.

## લોકરક્ષક ભરતી બોર્ડના અધ્યક્ષ વિકાસ સહાયના પી.એ. અને કીર્તિ પટેલ વચ્ચેનો બારકોડ સ્ટીકર અંગેનો ઓડિયો વાઈરલ

લોકરક્ષક દળ પરીક્ષા પેપર લીક થતા રદ થયા બાદ ૬ જાન્યુઆરીના રોજ યોજાયેલ લોક રક્ષક દળની પરીક્ષા રાજ્ય ભરતી બોર્ડ દ્વારા યોજાઈ હતી જેમાં ઉત્તરવહી માં બારકોડ સ્ટીકર લગાવાયા ન હોવાથી પરીક્ષાની ગુપ્તતા ન જળવાઈ હોવાથી અરવલ્લી જીલ્લા પંચાયત સદશ્ય કીર્તિ પટેલે પી.એમ.ઓ અને સી.એમ.ઓ માં અગાઉ રજુઆત કરી પરીક્ષા રદ કરવાની માંગ કરી હતી કીર્તિ પટેલે ભરતી બોર્ડના અધ્યક્ષ વિકાસ સહાયનો એમની ઓફિસના લેન્ડ લાઈન નંબર પર વાત કરવાનો પ્રયત્ન કરતા તેમની સાથે તો વાત ન થઈ પરંતુ તેમના પી.એ સાથે વાત થતા લોક રક્ષક દળની પરીક્ષામાં બારકોડ સ્ટીકર લગાવવાના રહી ગયા હોવાનો ઓડિયો વાઈરલ થતા ચકચાર મચી હતી.

૬ જાન્યુઆરીના રોજ લેવાયેલ લોક રક્ષક દળની પરિક્ષામાં થયેલ કથીત ક્ષતી અંગે અરવલ્લી જિલ્લા પંચાયતના સદસ્ય કિર્તિભાઈ પટેલ વધુ એક ઘટસ્ફોટ કર્યો છે. તેમણે લોક રક્ષક દળ પરિક્ષાના અંગે લોકરક્ષક ભરતી બોર્ડના અધ્યક્ષ વિકાસ સહાય સાથે ટેલીફોનીક વાત કરવાનો પ્રયાસ કર્યા હતો જોકે તેમની સાથે વાત ન થઈ શકતા રક્ષા શક્તિ યુનિવર્સિટીના લેન્ડલાઈન ટેલિફોન નંબર ૦૭૯-૨૨૬૮૩૬૧૮ કોલ કરી સહાયના પીએ ભરતભાઈ સાથે ટેલીફોનીક વાત કરી હતી . આ વાર્તાલાપ દરમિયાન પી.એ એ વાત કબુલ કરી હતી કે ઉતાવાળે પરિક્ષા લેવામાં આવી હતી જેના કારણે વ્યવસ્થામાં ચુકના લીધે બારકોડ સ્ટીકર લગાવાના રહી ગયા છે . અત્રે ઉલ્લેખનીય છે કે અરવલ્લી જિલ્લા પંચાયતના સદસ્ય કિર્તિભાઈ પટેલનુ માનવુ છે લોક રક્ષક દળની પરિક્ષામાં બારકોડ સ્ટીકર ન લગાવવાના કારણે પરિક્ષાર્થીની ઓળખ છતી થાય છે અને પરિણામે પરિક્ષાની પારદર્શકતા મોટા પ્રશ્ન ઉભા થયા છે.

## "આપણું મોડાસા" સોશ્યલ મીડિયા પરિવારે મુકબધીર બાળકોને ઉંધીયું-જલેબી ખવડાવી ખુશીના પતંગ ઉડાડ્યા

ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયા નો કેટલાક દૂર ઉપયોગ કરતા હોય છે અને તેના પર પાબંધી



લગાવવાની અનેકવાર બૂમો ઉઠી છે બીજીબાજુ અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં સોશ્યલ મીડિયા થકી સેવાકીય પ્રવૃત્તિ કરતા "આપણું મોડાસા" પરિવાર દ્વારા સતત ૭ માં વર્ષે ૧૮૦ મુકબધીર બાળકોને ઉંધીયું- જલેબી પરિવારના સદશ્યોએ પીરસી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરતા બાળકોના ચહેરામાં પર ખુશીના પતંગો ઉડ્યા હતા.

ઉત્તરાયણ પર્વની ઉજવણી પતંગ ચગાવાની સાથે ઉંધીયું-જલેબીની જયાફત ઉડાવવામાં આવે છે મોડાસા શહેરમાં "આપણું મોડાસા" સોશ્યલ મીડિયા ગ્રુપ પરિવારના ભગીરથ કુમાવત, હિતેન્દ્ર પંચાલ, જય અમીન, નિલેશ જોશી, નીતિન પંડ્યા, કલાબેન ભાવસાર સહીત ગ્રુપના સદશ્યોએ ૧૮૦ દિવ્યાંગ બાળકોને ઉંધીયું-જલેબી ખવડાવી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી ઉત્તરાયણ ના પગલે બજારોમાંથી મોંઘીદાટ દોરી અને પતંગ લાવી આકાશી યુદ્ધમાં પેચ લડાવવામાં જે આનંદ મળે તેના કરતા વધુ ખુશી આ સેવાકીય પ્રવૃત્તિ થી ગ્રુપના સદશ્યોએ મેળવી હતી છેલ્લા ૭ વર્ષથી "આપણું મોડાસા" સોશ્યલ મીડિયા પરિવારના સદશ્યો આ રીતે મુકબધીર બાળકોને મકરસક્રાંતિ ઉપર ઉંધીયું-જલેબી ખવડાવી આનંદ મેળવે છે.



### ભિલોડામાં ૨૫ ફૂટ ઉંડા કુવામાં ખાબકેલા આખલાને જીવદયાપ્રેમીઓએ બચાવ્યો

ભિલોડા શહેરમાં આવેલી ક્રિશ્ના ટોકીજ નજીક આવેલા આવવારું કુવામાં ખોરાકની શોધમાં ભટકતો આંખલો ખાબકતા આજુબાજુના પ્રજાજનોને જાણ થતા ગૌ રક્ષા સમિતિને જાણ કરતા સમિતિના સદસ્યો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ભિલોડા ગ્રામ પંચાયતના સહયોગથી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી બે કલાકની ભારે જહેમત બાદ ૨૫ ફૂટ ઉંડા કુવામાંથી આખલાને બહાર કાઢવામાં આવ્યો હતો. અખલાનો જીવ બચાવવામાં સફળતા મળતા પ્રજાજનોએ સરાહના કરી હતી.

## ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના જંગલોમાં વારંવાર દેખાતા દિપડાઓથી પ્રજાજનોમાં ભારે ભયની લાગણી પ્રસરી છે. ભેટાલી પંથકમાં આવેલા જલારામ કંપા ગામના સીમ વિસ્તારમાં મધ્યરાત્રે શિકારની શોધમાં ફરતા ખુંખાર દિપડાએ ઘર આંગણે તબેલામાં બાંધેલા એક પશુનું મારણ કર્યું હતું.દિપડાએ પશુને ફાડી નાખી જંગલ વિસ્તારમાં પશુને લઈ ગયો હતો. પશુપાલકો, ખેડુતો અને શ્રમજીવીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. ડુંગરાળ વિસ્તારોમાં વારંવાર દિપડાઓ પશુઓનું મારણ કરતા હોઈ પરંતુ વન વિભાગના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ પાસે જાણે કે સમય જ ન હોઈ તેમ દિપડાને ઝડપી લેવા માટે પાંજરૂ મુંકવાની તસ્દી કેમ લેવાતી નથી તેમ પશુપાલકોમાં ચર્ચાય છે. ભિલોડા તાલુકાના વસાઈ, વણઝર, ખેરાડી, ભેટાલી, રામનગર, મોટી બેબાર સહિત આજુબાજુના ગ્રામ્યવિસ્તારોના સીમાડાઓમાં શિકારની શોધમાં ફરતા દિપડાના આંટાફેરા અવિરતપણે ચાલું જ હોય છે ત્યારે પાંજરૂ મુંકી દિપડાને સત્વરે ઝડપી લેવામાં આવે તેવી પશુપાલકો આશા સેવી રહ્યા છે.

**ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામીણ વિસ્તારોમાં અંદાજીત ૧૫થી વધુ ખુંખાર દિપડાઓનો વસવાટ : દિન-પ્રતિદિન પશુઓનું મારણ ખુંખાર દિપડાઓ કરતાં હોઈ ભરવાડો, પશુપાલકો અને ખેડુતોને રાત્રે ઉજાગરા કરવાનો વારો**

ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા વન વિસ્તારના વિસ્તરણ અને જાળવણી માટે કરોડો રૂપિયા ખર્ચાય છે પરંતુ દિન-પ્રતિ-દિન જંગલ વિસ્તારોમાંથી વૃક્ષોનું પ્રમાણ ઘટતાં વન્ય હિંસક પ્રાણીઓ શિકારની શોધમાં ફરતા ફરતા સીમાડાઓ સુધી આવી જાય છે ત્યારે પશુઓનું મારણ દિન-પ્રતિ-દિન વધી રહ્યું છે. વન્ય હિંસક પ્રાણીઓને સીમાડાઓ તરફ આવતા અટકાવવા માટે વન વિસ્તારને વધુ ગાઢ અને ગીચ બનાવવાની તાતી જરૂરીયાત છે.

ભિલોડા, શામળાજી પંથકના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં વન્ય હિંસક પ્રાણી દિપડાઓ વર્ષોથી વસવાટ કરે છે ત્યારે પશુપાલકો, ખેડુતો, શ્રમજીવીઓ ભારે ફફડાટ અનુભવી રહ્યા છે. અંદાજીત ચાર મહિના અગાઉ દેવની મોરી ગામના સીમાડામાં પશુનું મારણ કરનાર દિપડો પાંજરે પુર્યો હતો. દાવલી, સુનોખ પંથકમાં વારંવાર દિપડો જોવા મળતાં પશુપાલકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ખેડુતો અને પશુપાલકો શિયાળાની કડકડતી ઠંડીમાં સીમવિસ્તારોમાં જાય છે ત્યારે ભારે ફફડાટ અનુભવતા હોય છે.

શામળાજી રેંજ વન વિભાગના આર.એફ.ઓ. આર.વી.પટેલનો ટેલીફોનીક સંપર્ક સાધતાં તેઓએ જણાવ્યું હતું કે જલારામ કંપા પંથકમાં મધ્યરાત્રે દિપડાએ એક પશુ (નાગોરી પાડી)નું મારણ કર્યું હતું. દિપડાના પંજાના નિશાન પણ જોવા મળ્યા હતા. વન વિભાગના અધિકારીઓએ ઘટનાસ્થળનું પંચનામુ કરી ન્યાયિક કાર્યવાહી હાથ ધરી છે. જલારામ કંપા પંથકના સીમ વિસ્તાર પાસેથી ખુંખાર દિપડાને ઝડપી લેવા માટે પાંજરૂ મુંકવાની તજવીજ હાથ ધરી છે. દિપડાઓ મધ્યરાત્રે અંદાજીત ૧૨ કિ.મી.ના જંગલ વિસ્તારમાં આંટા ફેરા મારતા હોય છે.

## કાંકરેજ તાલુકાની રણકપુર કેનાલ પર સર્જાયો અકસ્માત

કાંકરેજ તાલુકાના રણકપુર નજીક પાસર થતી નર્મદાની મુખ્ય કેનાલ પર આજ રોજ સાંજના સુમારે તાંતીયાણા તરફથી આવતા કિશનભાઈ નારણભાઈ પ્રજાપતિ ઉ.આ ૨૪, રહે ધીણોજ તેમજ રાહુલ અમરતભાઈ પ્રજાપતિ અને પારશ અમરતભાઈ પ્રજાપતિ બન્ને રહે તાંતીયાણાવાળા ધિણોજ તરફ એક્ટિવા લઈને જતા હતા તે સમય દરમિયાન પાછળથી આવતા કોઈ અજાણ્યા વાહને એક્ટિવાને ટક્કર મારી હતી જેને લઈ એક્ટિવા સવારોને ગંભીર ઈજાઓ થઈ હતી જયારે વાહનચાલક ટક્કર મારી જતો રહ્યો હતો ઘટના સ્થળે લોકો એકઠા થઈને થરા ૧૦૮ને જાણ કરતા ઈ.એમ.ટી હશનઅલીખાન તેમજ પાયલોટ દશરથભાઈ પટેલ આવીને ઈજાગ્રસ્તો નવા સારવાર માટે થરા રેફરલ ખાતે લાવ્યા હતા હાજર તબીબ એ ઈજાગ્રસ્તો ને સારવાર કરી હતી જયારે એક વ્યક્તિ ને માથા ના ભાગે વધુ ઈજા થવા થી સારવાર અર્થે રીફર કર્યો હતો.



### મોડાસામાં જનસેવા સેતુ ગ્રુપના યુવાનોએ ગરીબોને કપડાં વિતરણ કર્યું

મોડાસા શહેરમાં નવયુવાનોના જનસેવા સેતુ ગ્રુપના યુવાનોએ નગરના ફૂટપાથ અને ઝુપડપટ્ટીમાં રહેતા ગરીબ પરિવારો અને તેમના બાળકોને ગાત્રો થીજાવતી ઠંડીમાં રક્ષણ મળી રહે તે માટે સ્વેટર અને કપડાંનું વિતરણ કર્યું હતું. જનસેવા સેતુ ગ્રુપના વંદન રાવલ, યશ દવે, પ્રેરક ઉપાધ્યાય, સાત્વિક દેરાસરી, રિધમ ભટ્ટ, પાર્થ રાઠોડ સહિતના યુવાનોએ અન્ય યુવાનો માટે સેવાકીય પ્રવૃત્તિની નવી રાહ ચીંધી હતી.

## ભિલોડા તાલુકામાં ઉત્તરાયણ પર્વની તડામાર તૈયારીઓ


### સળંગ ત્રણ દિવસની રજાઓ વેપારીઓને ન્યાલ કરશે ? પતંગ રસીયાઓમાં અનેરો આનંદ

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઉત્તરાયણ પર્વની તડામાર તૈયારીઓ આરંભાઈ છે.સળંગ ત્રણ દિવસની રજાઓ આવતી હોય વેપારીઓને ન્યાલ કરશે તેવો માહોલ જોવા મળી રહ્યો છે. પતંગ રસીયાઓમાં અનેરો આનંદ છવાય જશે તેમ જાણવા મળેલ છે. ઉત્તરાયણ પર્વને હવે માત્ર બે દિવસ બાકી છે ત્યારે બજારોમાં પતંગ-દોરીના ભાવ ઉંચકાયા છે. ગત વર્ષની તુલનાએ પતંગના ભાવ આસમાને પહોંચ્યા છે. વેપારીઓ ધ્વારા પતંગ-દોરીનો ભરચક સ્ટોક કર્યો છે પરંતુ હાલના તબક્કે ઘરાકી ઓછી છે ત્યારે આ વર્ષે ઉત્તરાયણના તહેવાર નિમિત્તે સળંગ ત્રણ રજાઓ એક સાથે આવી રહી છે. શનિવાર, રવિવાર અને સોમવારની સળંગ ત્રણ રજા આવતા પતંગ-દોરીની ઘરાકી ભરપુર નિકળશે તેવી આશાઓ વેપારીઓ સેવી રહ્યા છે. પતંગ રસીયાઓમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઉત્તરાયણના પર્વની ધામધુમ પુર્વક ઉજવવા માટે અવનવા પીપુડા બે દિવસથી જોરશોરમાં બજારો અને શેરીઓમાં સંભળાય છે.ભિલોડા બજારમાં અંદાજીત ૭૦ થી ૭૫ પતંગ-દોરીના સ્ટોલ ઠેર-ઠેર વેપારીઓ ધ્વારા ઉભા કર્યા છે.

ઉત્તરાયણના પર્વના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પતંગોના બજારોમાં સૌથી વધુ પતંગોની માંગ:-બેટી





બચાવો,ભ્રૂણ હત્યા અટકાવો, બેટી ભણાવો, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તર પ્રદેશ રાજ્યના મુખ્યમંત્રી યોગીજી સહિત અવનવા કાર્ટુનોના ફોટાવાળા પતંગોનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. પતંગ રસીયાઓ મોંઘવારીનો માર સહન કરીને પતંગ દોરીની ધુમ ખરીદી કરી રહ્યા છે.

ઉત્તરાયણ પર્વ નિમિત્તે તલ,ગોળનો મહિમા તો હતો પણ હવે તો કેટલાક વર્ષોથી બજારોમાં ઠેર-ઠેર દશેરાની જેમ ફાફડા, જલેબી અને ઉંધીયાના પણ ઠેર-ઠેર સ્ટોલ ખુલે છે અને પ્રજાજનો હોંશે હોંશે લાખ્ખો રૂપિયાની જલેબી-ફાફડા, ઉંધીયું આરોગે છે. ગૃહિણીઓ પણ ઉત્તરાયણના પર્વ નિમિત્તે ભરચક આનંદ મેળવી શકાય તે હેતુથી ખાણી,પીણીનું આયોજન શરૂ કરી દઈ બજારોમાં ખરીદીની ભીડ દેખાય છે. ઉત્તરાયણમાં અતિ લોકપ્રિય તલનું કચરીયું, તલ ચીકી, સીંગ ચીકી, મમરાના લાડું, બોર, જામફળ, શેરડીની ધુમ ખરીદી થશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે. પતંગ રસીયાઓ ધાબે ચડી સાઉન્ડ સિસ્ટમ ગોઠવી અવનવા કપડા પહેરી ગોગલ્સ,ટોપી પહેરી એ લપેટ્યો, એ કાપ્યોના નારા ગુંજશે ત્યારે કપાયેલા પતંગ પકડવા પતંગ લુંટારૂઓના ટોળે-ટોળા વાંસ ઉપર કાંટાનું ડાળુ ભરાવી આડેધડ દોડતા હોય છે અને પતંગ પકડવા ઘણા વીજપોલ ઉપર પણ ચડી જતા હોય છે ત્યારે વાલીઓએ તકેદારી રાખવાની તાતી જરૂરીયાત છે.

ઉત્તરાયણ પર્વ નિમિત્તે દાન-પુણ્યનો અનેરો મહિમા છે. પશુઓને ધાન્ય, લીલો-સુકો ઘાસચારો ખવડાવી પુણ્ય કરે છે પરંતુ અતિશય લીલો ઘાસચારો પશુઓને ખવડાવવાથી દર વર્ષે પશુઓ મૃત્યુ પામે છે પણ દાનવીરોએ તેની તકેદારી રાખવી તે નૈતિક ફરજ છે.

ઉત્તરાયણ પર્વ દાન પુણ્ય મેળવવાનું અતિ ઉત્તમ દિવસ ગણવામાં આવે છે તેથી લોકો ખુબ જ ઉમંગ અને ઉત્સાહથી આ પર્વ ઉજવે છે. આ પર્વમાં અબોલ પશુધનને બાજરી, જુવાર વિગેરે લીલો, સુકો ઘાસચારો ભરપુર પ્રમાણમાં આપે છે પણ ઘાસચારો ખાતા પ્રાણીઓની પાચન ક્રિયા તદ્દન ભીન્ન પ્રકારની હોય છે. જાત જાતના ધાન્ય જાણે અજાણે અપ્રમાણસર માત્રામાં ખવડાવવાથી પશુઓને પોઈઝનીંગ અને આફરા જેવી જીવલેણ બિમારીઓ થવાની પુરેપુરી સંભાવના છે. આવા પશુઓને તાત્કાલીક સારવાર ન થાય તો પશુનું મૃત્યું પણ નિપજે છે. પશુને વધુ પ્રમાણમાં અનાજ, લીલો ચારો પણ નુકશાનકર્તા છે. રાજ્યના જાગૃત નાગરીક તરીકે મહામુલા પશુધનના આરોગ્યની જાણે અજાણે કોઈ પણ પ્રકારની હાની ન થાય તે જોવાની આપણા સૌની નૈતિક ફરજ છે. પશુઓને સુકો ઘાસચારો માપસર આપવો તે મોટું પુણ્ય ગણાય છે.